# ઇતિહાસની આરસીમાં સોમનાથ અને પ્રભાસપાટણ

પ્રા.મનિષા કે પટેલ

એન.પી.પટેલ મહિલા આટર્સ કૉલેજ

પાલનપુર

ભારતની પશ્ચિમે આવેલા ગુજરાત માં સૌરાષ્ટ્રની દક્ષિણે અરબી સમુદ્ર કિનારે પ્રાગૈતિહાસિકકાળથી પ્રસિદ્ધ થયેલ પભ્રાસ ક્ષેત્રમાં ભગવાન સોમનાથનું પવિત્ર સ્થાન છે.સુર રાષ્ટ્ર અથવા સૌરાષ્ટ્રનો ઉલ્લેખ ઘણા જૂના લખાણોમા મળે છે. સૌરાષ્ટ્ર, સોરઠ અને કાઠીયાવાડ નામે ઓળખાતા આ પ્રદેશની ધરતી,શૂરવીરો,સંતો,નરરત્નો અને પ્રાચીન ઐતિહાસિક સંસ્કૃતિના નગરોની ભૂમિ છે.

સૌરાષ્ટ્રે પંચરત્નાનિ નદી,નારી તુરુગંમ

ચતુર્થસોમનાથમ પંચમે હરિદર્શનમ

આમ નદી,નારી.અશ્વ,સોમનાથ અને હરિદર્શનમ એ પાંચને સૌરાષ્ટ્રનાં રત્ન ગણવામાં આવ્યા છે.

માટીનાં વાસણો,ઠીકરાઓ,હથિયારોઃ–

સૌરાષ્ટ્રના ભિન્ન ભિન્ન સ્થળે ઉત્ખન્ન કરવામાં આવતાં ઇ.સ.૧૫૦૦ થી લઇ ૩૦૦૦ વર્ષ સધીમાં હડપ્પા અને મોહેંજો દડોમાંથી જે સંસ્કૃતિના અવશેષો મળ્યા હતા.તેઓની સાથે સામ્ય ધરાવતા અવશેષો પ્રાપ્ત થયા છે.તેવા સ્થાનોમાં પ્રભાસ પાટણ નજીક ‘નગરા’નું સ્થાન મહત્વનું છે.પ્રાગૈતિહાસિકકાળ પછી આદ્યઐતિહાસિક કાળ ની સામગ્રી મહાભારત,રામાયણ અને પરાણો દ્વારા આપણાને મળે છે. જેમાંથી સૌરાષ્ટ્રમાં નગરસંસ્કૃતિ હોવાનાં પ્રમાણ આપણને મળે છે.

સૌરાષ્ટ્રમાં અન્ય સ્થળોએ જે કંઇ ખોદકામ થયું કે જમીનની સપાટીપરથી ઠીકરીઓ મળી છે. તે પણ આ મંતવ્યને ટેકો આપે છે.પ્રભાસ કે સોમનાથ પાટણની પાસે હિરેણ્યા નદીના કિનારે ‘સાવના ટીંબા’ તરીકે જાણિતા સ્થળે ખોદકામ કરતા સૌથી નીચેના થરમાં રેતીમાં ઝાંખા ભૂરા પોત અને લાલ માટીથી ધોયેલાં કોતરામણવાળાં ઠીકરા મળે છે. છેક આ થરની ઉપર સિધુ સંસ્કૃતિના અવશેષો સારા પ્રમાણમાં મળ્યા છે. આ ઠીકરા રહી સહી સિંધુ સંસ્કૃતિના દર્શક છે. પણ ત્યાર પછીનાં ઉપલા થરોમાં એક તદન નવી જાતનાં માટીનાં વાસણો મળી આવ્યાં છે.આ વાસણમાં મુખ્યત્વે વાડકાઓ ધ્યાન ખેંચે છે. વાડકાની ધાર સહેજ અંદર પડતી અને ઘસીને બુઠ્ઠી બનાવેલીછે. અને બહારથી કાળા કિરમજી રંગોથી સીધી સાદી લીટીઓથી ચિત્રા દોર્યા છે. આમાં ‘ઝાડ,પાન, ફૂલો,પ્રાણીઓ કે માનવ ચિત્રા જોવામાં આવતાં નથી. Geometricdesigns કહે છે.એવું જ લીટીવાળું ચિત્રામણ છે. રાતાં ચકચકિત

વાસણોના નાના મોટા ખંડિત અવશેષો ગુજરાતમાંથી લગભગ ૩૫ જેટલાંસ્થળોએથી મોટી સંખ્યામાં મળી આવ્યાં છે.સુંદર મુલાયમ માટીમાંથી આ વાસણો બનાવવામાં આવતાંહતા.'સોમનાથમાંથી આ વાસણોનાં વિવિધ આકારો યક્ત સુંદર નમૂના મળ્યાં છે.'સોમનાથમાંથી સાદા'તથા ચિત્રિત વાસણો મળ્યાંછે.આ ચિત્રલા મુદભાંણ્ડો પર માત્ર આડી જાડી રેખાઓ વચ્ચે ઉભા પાતળા પટ્ટા સફેદ અને જાંબુડીયા રંગના જોવા મળે છે.'

આ પછીના સમયમાં સોમનાથના ઉપલા થરમાં જે ચળકાટવાળાં વાસણો રંગપુરમાંથી મળે છે.તેવાં દેખાય છે.આમાં સિંધુ સાંસ્કૃતિની યાદ કરાવતા ખુમચા અને વાડકાઓ મળી આવ્યા છે.તેમાં ખાસ કરીને હાથાવાળો વાડકો ધ્યાન ખેંચે છે. ઉપલા થરોમાં લોઢાના હથિયારો અને બીજી વસ્તુઓ તેમજ ઐતિહાસિક કાળનાં લાલ કાળા માટીનાં વાસણો અને આ થરોની ઉપર ગંગા યમુના ની ખીણમાં જન્મ પામેલા અતિશય ચળકાટવાળા કાળા ઠીકરાના વાસણો મળે છે. સોરાષ્ટ્ર માંજે હડપ્પા કાલીન સ્થળો મળ્યા છે. માટીના વાસણોમાં પાતળી દિવાલવાળા પ્યાલા નોંધપાત્ર છે. એની સપાટી લીસી અને કાળા ચિત્રમાણ વાળી છે. માટીનાં વાસણોમાં કેટલીક આકૃતિઓ ઘોડાના માથા જેવી દેખાય છે.જે સોમનાથ માંથી મળે છે. પ્રભાસ સોમનાથ પાસે તદન જુદા જુદા પ્રકારના માટીના વાસણ દેખાય છે.તેમા સૌથી વધુ લાક્ષણિકતા વાળેલા અને ધારદાર કોરવાળા તથા વિવિધ ભાતોથી ભૌમિતિક આકૃતિઓથી સુશોભિત છે.આ ખોદકામ નાના પાયા પરનુ હોઇઆ સંસ્કૃતિ માટે કે એ જે પ્રકારની પ્રજાનુ પ્રતિનિધિત્વ ધરાવે છે. તેના માટે વિશષ કશું કહી શકાય.એમ નથી.

પ્રભાસ તિર્થ હિરણ્યા નદીના સમુદ્ર પર હતું પ્રભાસપાટણની પૂર્વ દિશા માં સાવના ટીંબા તરીકે જાણિતા સ્થાનમાંથી ક્ષત્રપ અને મૈત્રકઓના સમયની મોટી ઇંટો મળી આવી છે.સળગી ગયેલી માટીનો તેમજ લોખંડનો કાટ મળી આવે છે.આ ટીંબાની ઇશાન બાજુ પ્રચીનતમ બૌધ્ધગુફાઓ પણ મળી આવી છે.આ સ્થળથી અડધા પોણા માઇલ દૂર આવતી હિરણ્યા નદી દક્ષિણ દિશા તરફ વળાક લેછે.ત્યાં ઉત્તર પશ્ચિમ ભૂ ભાગમાંથી જયાં શીતળા માતાનું મંદિરછે. તેની નજીક વિશાળ પટ માં નગરાના અવશેષ હાથ લાગ્યા છે. અહીંથી મળેલી વસ્તુઓ ઇ.સ.૪થી ૫મી સદીથી લઇ ૨૦૦૦ વર્ષથી પણ જૂના સમય સુધી લઇ જાય છે.સાવનો ટીંબો અને મોહેં-જો-દડો એક બીજાના પર્યાય છે.'આ પ્રદેશમાં કોઇ પ્રાચીનત્તમ વસાહત હતી.એ નષ્ટ થઇ ગઇ જયારે શીતળાના મંદિર નજીકનું સ્થળ નગરા કહેવાય છે.ડેકકન કોલેજે આ ટીંબાનું ઉત્ખન્નન કરતા આદિપાષાણ યુગના હસ્તિદર્શક ઓજારો મળી આવ્યા છે.' એક વસ્તુતા આજે સિધ્ધ થઇ ચૂકી છે કે પ્રભાસની માનવ વસાહત ડૉ.હસમુખ સાંકળીયાના મતે હિરણ્યા નદીના તળના અભ્યાસને પરીણામે ૧ લાખ વર્ષથી પણ જૂના સમયમાં ચાલી જાય છે.એમના મતે પહેલા આદિમાનવની છે.એમણે બીજો આદિમાનવ ૪૦૦૦૦ વર્ષ પહેલા આ ભૂ-ભાગમાં આવી ને વસ્યો હોવાનું કહ્યુ છે. ત્યાં મળેલા માનવ જીવનને ઉપયોગીમાટીના હથિયારો તે જદા જુદા સમયનો ખ્યાલ આપતા જણાય છે.એમના અભિપ્રાય પ્રમાણે હિરણ્યા નદીના જમણી બાજુના કાંઠા ઉપર પ્રભાસથી ઇશાન ખૂણે દોઢેક માઇલ ઉપર આવેલા શીતળા માતાની પશ્ચિમે ઊભેલા જૂના સૂર્યમંદિરની આગળના પશ્ચિમ દિશા એ આવેલાટીંબાઓની નીચે દટાયેલી વસાહત૪૦૦૦ વર્ષ જૂની એટલે કે ઈ.સ.પૂર્વ ૨૦૦૦ વર્ષ ઉપરની છે. લગભગ

૧000 ફૂટના વિસ્તારમાં આ વસાહત હોવાનું માલૂમ પડી આવ્યું છે. મુબઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજના વિદ્વાન પુરાતત્વવિદ રેવરન્ડ હેરાસે આ ટીબાઓની મુલાકાત લઇ એની પ્રાચીનતા તરફ નજર દોરી હતી.એમનેમાંહેંન્જો દડો અને હડપ્પાની સિંધુ સંસ્કૃતિની પરંપરાનાંઅહીં દર્શન થયાં હતાં.સૌરાષ્ટ્રના પુરાતત્વ ખાતાના નિયામક સદગત પી.પી.પંડયાની આગેવાની નીચે આ સ્થળે ખોદકામ કરવામાં આવ્યું ત્યારે સિઘુ સંસ્કૃતિની પરંપરાની મહત્વની કડીઓ મળી આવી અને એ કડીઓએ આ ટીંબાઓની આજના પ્રચલિત સંજ્ઞાવાળા નગરની વસાહત ઇ.સ.પૂર્વે ૨000 વર્ષ આ બાજુની નહીં હોય એ સિદ્ધ કરી બતાવ્યું. પ્રભાસ સોમનાથમાં જો મોટા પાયા પર ખોદકામ થાય તો કદાચ વઘુ પ્રકાશ પાડી શકાય. આપણને પ્રશ્ન એ થાય છે કે પ્રભાસ શૈવ તીર્થ તરીકે કેટલું જૂનું અને મહમૂદ ગઝનવીએ ભંગ કર્યો તે ભીમદેવ પહેલા એ બંધાવેલા મંદિરની પહેલાનો કે ભીમદેવ પહેલા એ બંધાવ્યું તેનો ?

સોમનાથની સ્થાપના :

મહર્ષિ અત્રિને ત્રણ પુત્રા હતા : સોમ, દતાત્રય તથા દુર્વાસા. સોમ જન્મથી જ પ્રતાપી હતો. ભારે તેજસ્વી હતો.સોમે રથમાં બેસી સમસ્ત પૃથ્વીની એકવસિ વાર પ્રદક્ષિણા કરી હતી. સોમે પોતાની હયાતીમાં અત્યંત દક્ષિણાવાળો રાજસૂય યજ્ઞ કર્યો હતા. આ સોમે પ્રભાસમાં સોમનાથ સ્થાપ્યા. દેવપટ્ટનની વિશિષ્ટતા સોમનાથ અને સોમેશ્વર દેવાલયના કારણે છે. ભગવાન સોમનાથની સ્થાપના કયારે થઇ ? સોમે ચદ્રે સ્થાપના કરી એવી પોરાણિક અનુશ્રુતિ છે. આ સોમ ખરેખર ચંદ્ર હતો કે ચંદ્રવંશનો સોમ કે સોમક નામનો રાજા હતો? શ્રી કૃષ્ણના વંશમાં સાતમો વંશજ સોમ થયો તેના હાથે સોમનાથની સ્થાપના થઇ એવું પોરાણિક અનુશ્રુતિના સંદર્ભમાં કહી શકાય તો ઇ.સ. ૧૨ મી સદીની આસપાસ પ્રભાસ તીર્થ શિવતીર્થ તરીકે પ્રસિદ્ધ પામ્યું હોય. ચૌલુકય રાજવી કુમારપાલના સમયમાં પ્રભાસ પાટણની ભદ્રકાળી માતાના મંદિરમાં મળેલા ઉત્કીર્ણ લેખ પ્રમાણે સોમે સોનાનું,રાવણે રૂપાનું,શ્રીકૃષ્ણે લાકડાનું અને ચૌલુકય રાજવી ભીમદેવ-૧ વિશાળ શિલાઓથી મંદિર બંધાવ્યું. મહમૂદ ગઝનવીએ ઇ.સ.૧૦૨૬ ખડિત કર્યુ તે મંદિર લાકડાનું હોય પરંતુ સ્વરૂપ જોતાં મંદિર લાકડાનું નહીં પણ પથ્થરનું જ હતું.જૂના મંદિરના ગર્ભગૃહના ઉત્ખનમા પણ પથ્થરના જ સ્તર મળ્યા છે.એક ઉપર બીજું અને બીજા ઉપર જું એવો મંદિરનો નિર્માણ કમ જાણવા મંદિરના ગર્ભગૃહમાં મંદિરના મંડપમાં, મંદિરના બહારના ભાગમાં છેક નીચેના રેતિના કુદરતી થર સુધી ખોદકામ કરવામાં આવ્યું,ત્યાં પૂર્વ બાજુમાં પગથીયા માલુમ પડી આવ્યા જે વિશાળ પથ્થરનો છ અને ઘસાયેલા નહી પણ હથિયારો વતી નુકશાન પહોચાડયું હોય તેવા છે.શ્રી મુનશીએ ત્રાજા મંદિરના બાંધકામને લાલાશ પડતા વિશાળ પથ્થરોનું કહ્યું છે. એ સાચે જ મહમૂદે જે મંદિરને નુકશાન કર્યુ હતું તે આ લાલ પથ્થરોવાળું હતું .

પ્રભાસક્ષેત્રમાં હિરણ્યા નદીના કિનારે પ્રાચીન માનવ વસાહત હતી.સભ્યતાની શરૂઆત થઇ હતી. આ સંસ્કૃતિ હડપ્પીય સંસ્કૃતિ સાથે સામ્ય ઘરાવતી હતી. તેવું પ્રભાસ અને

સોમનાથમાં ઉત્ખનન કરવામાં આવતા તેમાંથી મળી આવેલાં વાસણો, ભૌમિતિક ડિઝાઇનવાળા ઠીકરાંઓ અને હથિયારોનાં આધારે કહી શકાય.

સંદભ સૂચિ


૧ દેસાઇ શંભુપ્રસાદ હરપ્રસાદ, – પ્રભાસ અને સોમનાથ, ઇ.સ.૧૯૬૫ પૃ. ૩૧

૨ શાસ્ત્રા કેશવરામ કાળીદાસ –અતીતના આરે પૃ. ૨૧

૩ મુંશી કનેયાલાલ માણેકલાલ –ગુજરાતની કિર્તિગાથા પૃ ૨૧૨, ૨૧૪

૪ જમીનદાર રસેશભાઇ ચતુરભાઇ –ક્ષ ૫ કાલનુ ગુજરાત પૃ. ૨૧૭, ૨૧૮

૫ મુંશી કનૈયાલાલ માણેકલાલ –પૂર્વોક્ત પૃ. ૨૨૨, ૨૨૩

૬ શાસ્ત્રા કેશવરામ કાળીદાસ – અતીતનાઆરે પૃ. ૨૪

૭ સંપાદક નરોતમ પલાણ અને નાથાલાલ રૈયારેલા –શ્રા કે. કા. શાસ્ત્રા ગ્વાલ ગ્રંથ .પૃ. ૮૦

૮ શાસ્ત્રા કેશવરામ કાળીદાસ, –પૂર્વોક્ત પૃ. ૧૩૯, ૧૪૦

૯ શાંતિભાઇ આંકડીયાકર –વેદકાલિન સૌરા પૃ. ૧૨૩, ૧૨૪.

૧૦ શાસ્ત્રા પૂર્વોક્ત–પૃ નં ૨૫

૧૧ એજન પૃ ૧૪૬.